દાખલ તારીખ : ૨૭.૧૨.૨૦૧૬
રજીસ્ટર તારીખ : ૨૭.૧૨.૨૦૧૬
ફેસલ તારીખ : ૦૪.૦૧.૨૦૧૯
સમય મર્યાદા :

આંક : ૭૮

રાજકોટ જિલ્લાના મહે. ૦૭ માં એડિશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
મુ. રાજકોટ.

સેશન્સ કેસ નં.૧૭૨/૨૦૧૬

શ્રી સ ર કા ર ::: ફરીયાદી.

વિરૂધ્ધ....

ભાવેશભાઈ નારણભાઈ રીબડીયા,
ઉ.વ.પર,
રહે. પટેલ વિહાર હોટલની પાછળ,
ગણેશનગર સોસાયટી, નવાગામ,
રાજકોટ.

::: આરોપી.

ફરીયાદ પક્ષ તરફે : વિ. એ. પી. પી. શ્રી કે. બી. ડોડીયા..
બચાવ પક્ષ તરફે : વિ. વ. શ્રી એલ. જે. રાઠોડ તથા વિ. વ. શ્રી એ. એસ. ભગત..

બાબતઃ– ભારતીય દંડ સહિતાની કલમ ૩૦૨ તથા જી. પી. એકટની કલમ ૧૩૫(૧) મુજબ..

**–::: <u>હ રા વ</u> :::–**

૦૧) આ કામના આરોપી સામે ઈ. પી. કો. ક. ૩૦૨ તથા જી. પી. એકટની કલમ ૧૩૫(૧) મુજબના ગુના સંબંધે મારા વિ.પુરોગામીશ્રી ધ્વારા તહોમતનામુ આંક–૧૫ થી ફરમાવી, તેમની સામે કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાનો આદેશ કરવામાં આવેલ છે.

૦૨) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં જોવામાં આવે તો બનાવ સબંધેની ફરીયાદ રસીલાબેન વા/ઓ. નારણભાઈ રીબડીયા ધ્વારા તાઃ૦૩.૦૯.૨૦૧૬ નાંરોજ આપવામાં આવેલ છે અને તેમની ફરીયાદ પ્રમાણે તેઓ રાજકોટ મુકામે તેમના કુટુંબ સાથે રહે છે અને સંતાનમાં બે દિકરા અને ત્રણ દિકરીઓ છે અને તેમનો દિકરો જગદીશ છેલ્લા ત્રણેક વર્ષથી અવાર નવાર દારૂ પી અને તેની પત્નિ ડિમ્પલ સાથે તેમની સાથે અને તેણીના દિકરા ભાવેશ સાથે ઝઘડાઓ કરતો હતો અને તાઃ૩.૯.૧૬ નાંરોજ રાત્રીના તેણી અને તેણીની પૌત્રી કોમલ તેમના મકાનના પેલા માળે સુતા હતા અને દિકરો બીજા માળના ધાબા પર સુતો હતો અને જગદીશની પત્નિ ડિમ્પલ જે મકાનના નીચેના રૂમમાં સુતા હતા દરમ્યાન રાત્રીના બે સવા બે વાગ્યાના અરસામાં જગદીશ દારૂ પી અને ઘરે આવેલ અને ડિમ્પલ સાથે ઝઘડો કરવા લાગેલ અને જોર જોરથી રાડુ પાડતા તેણી જાગી ગયેલ અને ડિમ્પલ દોડીને પહેલા માળે તેણીની પાસે આવેલ પાછળ જગદીશ પણ આવેલ અને તેણીનો દિકરો ભાવેશ ધાબા પર સુતો હતો તે પણ આવેલ અને ભાવેશ જગદીશને મારવા લાગેલ અને જગદીશ પણ ભાવેશ સાથે બાધવા લાગેલ અને ઘરમાંથી કોઈ હથિયાર લઈ આવેલ અને જગદીશને છાતી માં મારી દેતા તે નીચે પડી ગયેલ અને લોહી નીકળવા લાગેલ અને તડફડીયા મારવા લાગેલ જેથી તેણી દોડીને નીચે ગયેલ અને શેરીવાળાને બોલાવેલ અને ઉપર ગયેલ તો જગદીશ મરણ ગયેલ હતો. આમ, જગદીશે તેના પત્નિ ડિમ્પલ સાથે ઝઘડો કરતાં ભાવેશે જગદીશ સાથે મારામારી કરેલ અને કોઈ તીક્ષ્ણ હથિયાર વડે ભાવેશે જગદીશને છાતીના ભાગે મારતા જગદીશને છાતીના ભાગે ગંભીર ઈજા થતાં, મરણ ગયેલ અને ભાવેશ ઘરેથી ભાગી ગયેલ. જેથી હાલના ફરિયાદણ ધ્વારા કુવાડવા રોડ પોલીસ સ્ટેશન, રાજકોટ ખાતે રૂબરૂ આપેલ.

૦૩) ફરિયાદીની ફરિયાદના આધારે રાજકોટ શહેર કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ–૧૫૬/૨૦૧૬, ઈ. પી. કો. ક. ૩૦૨ તથા જી. પી. એકટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ અને સદર ગુનાની તપાસ તપાસ કરનાર અમલદારે સંભાળી લીધેલ અને લાગતા વળગતા સાહેદોના જવાબો લીધેલ તથા બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ તેમજ આરોપીઓને અટક કરેલા અને જરૂરી મુદ્દામાલ કબ્જે કરેલ અને એફ.એસ.એલ.માં મોકલી આપેલ. ત્યાર બાદ ગુજરનારની પી.એમ. નોટ કબ્જે કરી, એફ.એસ.એલ. રીપોર્ટ આવતાં, આરોપી સામે ચાર્જશીટ ફાઈલ કરેલ.

૦૪) ત્યાર બાદ સદર કેસ ૮ માં જયુડી. મેજી. ફ. ક. (મ્યુની.) કોર્ટ, રાજકોટ ખાતે ચાર્જશીટ રજુ થતાં તેઓએ આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જેલ ઓથોરીટીને જાણ કરી, હાજર રખાતા, તેઓને તેમની સામેની પોલીસ તપાસની તમામ નકલો વિના મુલ્યે પુરી પાડેલ તેમજ આરોપી તેમના બચાવ માટે સ્વ–ખર્ચે વકીલ રોકવા માંગે છે કે વિના મુલ્યે કાનુની સહાય મેળવવા માંગે છે તે અંગે જરૂરી પૂછપરછ કરતાં, તેઓ સ્વખર્ચે વકીલ રોકવા માંગતા હોવાનું જણાવતાં, સદર કેસની ટ્રાયલ ચલાવવાની તેઓને હકુમત ન હોય, એક માત્ર સત્ર અદાલતને હકુમત હોય, તેઓએ સદર કેસ સેશન્સ કમીટ કરી મોકલી આપેલ છે.

૦૫) સદર કેસ સેશન્સ કમીટ થઈ અત્રેની કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી થવા આવતાં, આરોપી સામે મારા વિ.પુરોગામીશ્રીએ આંક–૧૫ થી ઈ. પી. કો. ક. ૩૦૨ તથા જી. પી. એકટની કલમ ૧૩૫(૧) મુજબના ગુનાનું તહોમતનામુ આરોપીને વાંચી, સંભળાવી, સમજાવીને ફરમાવતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ હોવાથી, તેમની સામેની કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે અને નીચે મુજબનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :**

(૧) આંક–૧૯ પંચ સાહેદ આકાશભાઈ પ્રવિણભાઈ બહુકીયાની જુબાની.

(૨) આંક–૨૨ પંચ સાહેદ શાંતુભાઈ હકાભાઈ ખાચરની જુબાની.

(૩) આંક–૨૩ પો.સાહેદ નટવરલાલ કરશનજી બોરીસાગરની જુબાની.

(૪) આંક–૨૫ પંચ સાહેદ હિતેશભાઈ રમેશભાઈ ગોહેલની જુબાની.

(૫) આંક–૨૭ પંચ સાહેદ બાબુભાઈ કાનજીભાઈ ગાંગાણીની જુબાની.

(૬) આંક–૨૮ પંચ સાહેદ મુકેશભાઈ સોમાભાઈ ભખોડીયાની જુબાની.

(૭) આંક–૩૦ પંચ સાહેદ રાજેશભાઈ શામજીભાઈ રીબડીયાની જુબાની.

(૮) આંક–૩૩ પંચ સાહેદ જીજ્ઞેશભાઈ ધમાભાઈ રીબડીયાની જુબાની.

(૯) આંક–૩૪ પંચ સાહેદ અશ્વિનભાઈ જગાભાઈ બાબરીયાની જુબાની.

(૧૦) આંક–૩૭ પંચ સાહેદ ભરતભાઈ નારણભાઈ જોગવાની જુબાની.

(૧૧) આંક–૪૦ પંચ સાહેદ હર્ષદભાઈ ચનાભાઈ ઝાપડીયાની જુબાની.

(૧૨) આંક–૪૧ સાહેદ સ્થાનિક એફ.એસ.એલ. અધિકારી લલીતકાંત નરસીહભાઈની જુબાની.

(૧૩) આંક–૪૪ પો. સાહેદ નટવરલાલ કરશનજી બોરીસાગરની જુબાની.

(૧૪) આંક–૪૬ ડો. સાહેદ જયંત કાર્તિકચંદ્ર ભટ્ટાચાર્યની જુબાની.

(૧૫) આંક–૫૧ સાહેદ ગાંડુભાઈ જેસીંગભાઈ બાહુકીયાની જુબાની.

(૧૬) આંક–૫૨ સાહેદ પ્રવિણભાઈ ગાંડુભાઈ બાહુકીયાની જુબાની.

(૧૭) આંક–૫૩ સાહેદ કિશોરભાઈ મુળજીભાઈ ફતેપરાની જુબાની.

(૧૮) આંક–૫૪ સાહેદ રંજનબેન મુળજીભાઈ ફતેપરાની જુબાની.

(૧૯) આંક–૫૫ સાહેદ ગીતાબેન દિનેશભાઈ દેત્રોજાની જુબાની.

(૨૦) આંક–૫૬ ફરિયાદી રસીલાબેન નારણભાઈ રીબડીયાની જુબાની.

(૨૧) આંક–૫૮ સાહેદ ડિમ્પલબેન જગદીશભાઈ રીબડીયાની જુબાની.

(૨૨) આંક–૫૯ સાહેદ વલ્લભભાઈ મોહનભાઈ સરવૈયાની જુબાની.

(૨૩) આંક–૬૩ પો.સાહેદ પ્રકાશભાઈ ગાંડુભાઈ વાંકની જુબાની.

(૨૪) આંક–૬૮ પો.સાહેદ અનોપસિંહ વરસુભા રાયજાદાની જુબાની.

(૨૫) આંક–૭૧ ત.ક.અ. અશ્વિનકુમાર રૂપાજી મોડીયાની જુબાની.

૦૬) સદર કામે ફરીયાદ પક્ષે જે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે જે નીચે મુજબ છે.

**<u>દસ્તાવેજી પુરાવો</u> :**

(૧) આંક–૧૯ સ્થાનિક જગ્યાનું પંચનામુ.

(૨) આંક–૨૪/૪૫ હથિયારબંધી

(૩) આંક–૨૬ બ્લડ સેમ્પલ લીધાનું પંચનામુ.

(૪) આંક–૨૯ ઈન્કવેસ્ટ પંચનામુ.

(૫) આંક–૩૧ લાશ પરના કપડા કબ્જે કર્યાનું પંચનામુ.

(૬) આંક–૩૫ હથિયાર કબ્જે કર્યાનું પંચનામુ.

(૭) આંક–૩૬ આર્ટિકલ–ડી ની સહીવાળી સ્લીપ.

(૮) આંક–૩૮ અટક પંચનામુ.

(૯) આંક–૩૯ આર્ટિકલ–ઈ સહીવાળી સ્લીપ.

(૧૦) આંક–૪૧ સ્થળ પર જવા કરાયેલ યાદી.

(૧૧) આંક–૪૨ કંટ્રોલ થ્રેડના લીધેલ નમુના.

(૧૨) આંક–૪૩ પોલીસ ધ્વારા પી.એમ. કરવા કરાયેલ યાદી.

(૧૩) આંક–૪૭ પી.એમ. નોટ.

(૧૪) આંક–૪૮ બ્લડ સેમ્પલ પોલીસને સોંપતી યાદી.

(૧૫) આંક–૪૯ લાશનું પી.એમ. કરવા કરેલ યાદી.

(૧૬) આંક–૫૦ ગુજ.નું બ્લડ સેમ્પલ લેવા કરાયેલ યાદી.

(૧૭) આંક–૫૭ અસલ ફરિયાદ.

(૧૮) આંક–૬૦ નકશો તૈયાર કરવા કરેલ યાદી.

(૧૯) આંક–૬૧ બનાવવાળી જગ્યાનો નકશો.

(૨૦) આંક–૬૨ કુવાડવા રોડ પો.સ્ટે.ને ઉદ્દેશીને લખેલ પત્ર.

(૨૧) આંક–૬૪ ડેપ્યુટ હુકમ.

(૨૨) આંક–૬૫ ફરિયાદનો ફોરવર્ડીંગ પત્ર.

(૨૩) આંક–૬૬ એફ.આઈ.આર.ની નકલ.

(૨૪) આંક–૬૭ ભારે ગુનાનો રીપોર્ટ.

(૨૫) આંક–૬૯ મરણોત્તર ફોર્મ.

(૨૬) આંક–૭૦ લાશ સોંપ્યાની પહોંચ.

(૨૭) આંક–૭૨ આરોપીનું બ્લડ સેમ્પલ લેવા કરાયેલ યાદી.

(૨૮) આંક–૭૩ મેડિકલ ઓફિસર ધ્વારા બ્લડ સેમ્પલ લીધેલાની યાદી.

(૨૯) આંક–૭૪ પો.કમીશનરશ્રીને લખાયેલ પત્ર.

(૩૦) આંક–૭૫ મુદ્દામાલ પૃથ્થકરણ માટે મોકલેલ તેની યાદી.

(૩૧) આંક–૭૬ મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળી ગયાની પહોંચ.

૦૭) આમ, ફરીયાદ પક્ષનો લેખિત તથા મૌખિક પુરાવો પુરો થતાં આરોપીઓ વિરૂધ્ધ જે પુરાવો પડેલ છે તે પુરાવા સબંધે આરોપીઓનો ખુલાસાની યોગ્ય અને વ્યાજબી તક મળી રહે તે માટે ક્રી. પ્રો. કો. ક.૩૧૩ હેઠળ વિશેષ નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીઓ પોતે નિર્દોષ હોવાનું તથા તેઓની સામે ખોટો કેસ કરેલ હોય, નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરાયેલ છે.

૦૮) ત્યાર બાદ ફરીયાદ પક્ષે મદદનીશ સરકારી વકીલ શ્રી કે. બી. ડોડીયાને તથા બચાવ પક્ષ તરફે વિ. વ. શ્રી એલ. જે. રાઠોડને સાંભળવામાં આવેલ છે.

૦૯) આમ, બન્ને પક્ષોની થયેલ રજુઆતો તથા પડેલ લેખિત તેમજ મૌખિક પુરાવાને ધ્યાને લેતાં સદર કેસના આખરી નિર્ણય માટે નીચેના પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીના પુત્ર જગદીશભાઈ પોતાના ઘરે બનાવની રાત્રીના દારૂ પી આવેલા અને તેમના પત્નિ ડિમ્પલ સાથે ઝઘડો કરતા, હાલના આરોપીએ ઘરમાંથી છરી લઈ આવી, મરણ જનાર જગદીશભાઈને છાતીના ભાગે એક ઘા મારી, મોત નિપજાવી, ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે ?

૨. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયાર બંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં આરોપીએ છરી જેવું મારક હથિયાર ધારણ કરી અને તેનો ઉપયોગ મરનારને છાતીના ભાગે મહા વ્યથા પહોંચાડવામાં કરી મરનારનું મોત નિપજાવેલ અને તેમ કરી આરોપીએ સદર હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૩. શું હુકમ ?

૧૦) ઉપરોકત પ્રશ્નોના મારા જવાબો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. નકારમાં,

૩. આખરી હુકમ મુજબ.

**કા ર ણો**

દલીલો :–

૧૧) ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતાંપહેલાં ઉભયપક્ષનાં વિ.વ.શ્રીઓ ધ્વારા કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લેવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, આ કામે આરોપી સામે આંક–૧૫ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તે મુજબ આ કામનાં આરોપીએ મરણ જનાર બનાવના દિવસે રાત્રી ના પોતાના ઘરે દારૂ પી ને આવી, પોતાની પત્નિ ડિમ્પલ સાથે ઝઘડો કરતા હતા દરમ્યાન આરોપીએ મરણ જનાર સાથે ઝઘડો કરી, મારામારી કરી, ઘરમાંથી હથિયાર છરી લઈ, મરણ જનારને છાતીના ભાગે એક ઘા મારતાં, મરણ જનાર મરી ગયેલ, આમ, આરોપીએ મરણ જનાર જગદીશને છાતીના ભાગે છરી વડે હુમલો કરી, મોત નિપજાવેલ તેવો આક્ષપે છે. જે ગુનો પ્રસ્થાપિત કરવા માટે ફરીયાદપક્ષ તરફથી ૨૫ સાહેદો તપાસવામાં આવેલ છે તેમજ ૩૧ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે. આ કામે પંચોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કર્યુ નથી, પરંતુ આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ છે અને પોલીસ સાહેદોનો પુરાવો ન માનવો તેવો કાયદો નથી. મેડી. ઓફીસરશ્રીના પુરાવા ઉપરથી મરણ જનારને થયેલ ઈજા તિક્ષ્ણ હથિયાર છરીથી મારવાથી થઈ શકે અને મૃત્યુ થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે. એટલું જ નહીં, અને આ કામના આરોપી ધ્વારા મરણ જનારનું મૃત્યુ થયેલ હોવાનો પુરાવો પોલીસ સાહેદો તથા તપાસ કરનાર અમલદારના પુરાવા પરથી પુરવાર થયેલ હોય, અને તે રીતે પોલીસ સાહેદોના પુરાવા ઉપરથી

પણ ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ છે. દિન પ્રતિદિન સમાજમાં આ પ્રકારનાં ગુન્હા વધતાં જાય છે તેથી રજુ થયેલ પુરાવો અને તમામ સંજોગો ધ્યાને લઈ આરોપીઓને મહત્તમ સજા કરવા માંગણી કરેલ છે.

જયારે બચાવ પક્ષ તરફે વિ. વ. શ્રી એલ. જે. રાઠોડે પોતાની રજુઆતમાં જણાવેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલાં એક પણ પંચનામાને તટસ્થ પંચોનું સમર્થન મળેલ નથી. એટલું જ નહિ પરંતુ ખુદ ફરિયાદી કે જેઓ મરણ જનારની માતા થાય છે તેઓએ આ કામે કોઈ સમર્થનકારી પુરાવો આપેલ નથી તેમજ મરણ જનારના નજીકના સગા એવા મરણ જનારના પત્નિ તેમજ અન્ય સગાઓ ધ્વારા પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનરૂપ કોઈ પુરાવો આપેલ નથી તેવા સંજોગોમાં મરણ જનારને હાલના આરોપી ધ્વારા જ છાતીના ભાગે છરી ધ્વારા માર મારી, મહાવ્યથા પહોંચાડી, મોત નિપજાવેલાનું રેકર્ડ પર આવવા પામેલ ન હોય, તેથી કોઈપણ રીતે ગુનો પ્રસ્થાપિત થતો ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માંગણી  કરેલ છે.

<u>**પુરાવાનું મુલ્યાંકન**</u> **:**

<u>**મુદ્દા નં.૧ તથા ૨**</u> **:-**

૧૨) ઉપરોકત બંને મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલ હોવાથી, એકની એક હકીકતોનું વારંવાર પુનરાવર્તન ન થાય તે હેતુથી, તમામ મુદ્દાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

ફોજદારી કાર્યવાહી દરમ્યાન સાહેદોના ત્રણ પ્રકાર નકકી કરી શકાય. (૧) પ્રથમ એવા સાહેદ કે જેમનો પુરાવો સાહજિક અને સત્યથી નજીક હોય તે પુરાવો અદાલત સ્વીકારી શકે અને તે પુરાવો માનવાલાયક અને ભરોસાપાત્ર છે. (૨) બીજા સાહેદો કે જેનો પુરાવો સત્ય અથવા અસત્ય મિશ્રિત કથન આપતા હોય તો તેવા સમયે અદાલતે જો સત્ય અને અસત્ય દુર કરી શકાય તેમ હોય તો જે પુરાવો ભરોસાપાત્ર, માનવાલાયક અને સ્વીકારવાલાયક હોય તેટલો પુરાવો સ્વીકારવો જોઈએ અને અન્ય પુરાવો અસ્વીકૃત કરવો જોઈએ.(૩) સાહેદોનો ત્રીજો પ્રકાર એવો  છે કે, જે સાહેદોનો પુરાવો સાહજીક અને સત્યની નજીક ન હોય, દુર હોય માનવા લાયક ન હોય તો, પુર્ણપણે અદાલતે અવગણવો જોઈએ.

૧૩)　　ભોગ બનનારના માતુશ્રી, ભાઈ બહેન અગર તો નજીકનાં સગા કે હિતેચ્છુ કે મિત્ર હોય, તેટલા જ કારણોસર પુરાવો અવગણવો ન જોઈએ. પરંતુ અદાલતે સતર્કતા દાખવી મુલ્યાંકન કરવું જોઈએ. નજરે જોનાર સાહેદ તથા ઈજા પામનાર સાહેદોનો પુરાવો તેમજ જાહેર સેવક તેમની ફરજની રુએ જે કાર્ય બજાવતા હોય  તે પુરાવો તેમજ નિષ્ણાંત અભિપ્રાય અને મંતવ્ય સિધ્ધ પુરાવો અદાલતે સામાન્ય રીતે સ્વીકારવો જોઈએ. ઉપરોકત કાનુની પ્રસ્થાપિત સર્વો સામાન્ય સિધ્ધાંતો અનુલક્ષીને અદાલતે રજુ મૌખિક પુરાવો જે સાહેદો અદાલત સમક્ષ પ્રસ્તુત કરતા હોય ત્યારે પુરાવાના મુલ્યાંકન સમયે બનાવ કે ઘટના કઈ પરિસ્થિતિ અને સંજોગોમાં બનેલ છે. બનાવ બન્યા બાદ અદાલત સમક્ષ પુરાવો આપવા દરમ્યાનનો સમયગાળો, અદાલતનું વાતાવરણ, સાહેદોની માનસિક–શારિરીક, બૌધ્ધિક સમજતા, ક્ષમતા જેવા પરિબળો  લક્ષમાં લેવાનાં રહે છે.

૧૪)　　ફરીયાદપક્ષના રજુ પુરાવામાં વિરોધાભાસ, અતિરેક, વિસંગતતા અગર અસંગતતા સામાન્ય રીતે જોવા મળતી હોય છે. આ પ્રકારની અસંગતતા  વિરોધાભાસ, અતિરેક કે વિસંગતતા સમગ્ર રીતે ફરીયાદપક્ષના પુરાવાને કલુષિત, દુષિત અસર કરતી ન હોય તેવા સમયે વિસંગતતા, અતિરેક અવગણવી જોઈએ. સાક્ષી અદાલત સમક્ષ જયારે જુબાની આપવા આવે છે તે સમયે પોતાની વિશ્વસનિયતા પ્રસ્થાપિત કરવા અગર તો, અદાલત તેને ખોટો ન માને, તેવા ભયના કરાણસર, લાગણીનાં કારણે કે અન્ય  કારણોસર કેટલીક હકીકતો, કથનો ઉમેરે અગર તો રજુ ન કરે તે અસંભવિત છે. તે હકીકત અદાલતે પુરાવાનાં મુલ્યાંકન સમયે લક્ષમાં લેવી જોઈએ. જયારે પુરાવો પુર્ણપણે રજુ ન થાય તેવા સમયે સ્વાભાવિક દલીલ થઈ શકે કે પુરાવો કૃત્રિમ છે, તે જ રીતે જયારે પુરાવો પુર્ણપણે ન હોય ત્યારે તેથી વિપરીત દલીલ થઈ શકે કે પુરાવો સંપુર્ણ નથી. પુર્ણતા અદાલત સમક્ષના પુરાવામાં સંભવી ન શકે વિજ્ઞાનના સુત્ર મુજબ "2H2 + 02 =2H20"  અદાલત સમક્ષનાં પુરાવામાં શકય નથી. પુરાવાનાં મુલ્યાંકન માટે કોઈ સ્પષ્ટ વૈધાનિક કાનુની નિયમ નથી, પરંતુ અદાલતે જે તે કેસની હકીકત, સંજોગો, પુરાવો અનુલક્ષીને પુરાવાનું મુલ્યાંકન કરવાનું છે.

૧૫)　　**૨૦૦૭ જી.એલ.આર.પાનાનં.૯૯, જયંતિભાઈ કુબેરદાસ સવા વિ. સરકાર**નાં ચુકાદામાં નામ.ગુજરાત હાઈકોર્ટે એવું નોંધેલ છેકે, પુરાવાના મુલ્યાંકન અંગેના સિધ્ધાંત જોતા,બધી બાબતમાં પોલાદી સત્ય હકીકત તારવતો, ફરીયાપક્ષનો કેસ હોઈ શકે નહી.

અદાલતે સાહેદની સમજ શકિત અને તે સમજી શકે છે તેવા મગજનાં સ્તરને ધ્યાનમાં રાખી, પુરાવાનું મુલ્યાંકન કરવાનું છે. વ્યાજબી શંકાથી પર સાબિતી, એ માત્ર માર્ગદર્શન છે તે કોઈ સિધ્ધાંત પ્રત્યેની અંધશ્રધ્ધા નથી.

૧૬) આ કામે ઉપરોકત કાયદાકીય સિધ્ધાંતો સાથે રજુ થયેલ મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરીએ તો,

હાલના કામે ફરિયાદ પક્ષ ધ્વારા સૌ પ્રથમ સ્થાનિક જગ્યાનું પંચનામુ આંક–૧૯ થી રજુ થવા પામેલ છે તેના પંચ સાહેદો આકાશભાઈ પ્રવિણભાઈ બહુકીયા તથા શાંતુભાઈ હકાભાઈ ખાચરનાઓને આંક–૧૮ તથા ૨૨ થી સોગંદ ઉપર તપાસેલા છે તેઓ પોત પોતાના પુરાવામાં આશરે એકાદ વર્ષ પહેલા પંચનામામાં સહી કરેલ અને પંચનામુ ખુન કેસનું હતું પરંતુ પોલીસવાળાએ સહી કરવાનું કહેતા સહી કરી આપેલ તે સિવાય કોઈ હકીકત વિશે પોતે જાણતા નહિ હોવાનું જણાવતાં, પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિ. એ. પી. પી. શ્રીએ બન્ને પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી, વિસ્તૃત ઉલટ તપાસ કરેલ હોવા છતાં કોઈ ફળદાયી હકીકત રેકર્ડ પર આવવા પામેલ નથી. જયારે ઉપરોકત પંચ સાહેદોની બચાવ પક્ષ ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે અને તેમાં તેઓ પોલીસ સાથે બનાવ સ્થળે ગયેલ હોવાનું કે તેમની હાજરીમાં કોઈ લોહી કબ્જે કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

૧૭) ત્યાર બાદ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા પોલીસ સાહેદ નટવરલાલ કરશનજીભાઈ બોરીસાગરને આંક–૨૩ તથા ૪૪ થી સોગંદ ઉપર તપાસેલા છે તેઓ સ્પે. બ્રાન્ચમાં ૨૦૧૫ થી ફરજ બજાવે છે અને તેઓ ધ્વારા હથિયારબંધીનું જાહેરનામુ તાઃ૧.૯.૧૬ થી તાઃ૩૧.૧૦.૧૬ સુધીનું પ્રસિધ્ધ થયેલાનું જણાવી, આંક–૨૪ તથા ૪૫ થી જાહેરનામુ રજુ કરેલ છે.

૧૮) ત્યાર બાદ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા આંક–૨૬ થી રજુ આરોપીનું બ્લડ સેમ્પલ લીધા નું પંચનામુ રજુ થવા પામેલ છે તેના પંચ સાહેદો હિતેશભાઈ રમેશભાઈ ગોહેલ તથા બાબુભાઈ કાનજીભાઈ ગાંગાણીનાઓને અનુક્રમે આંક–૨૫ તથા ૨૭ થી સોગંદ ઉપર તપાસેલા છે તેઓ પોત પોતાના પુરાવામાં પંચનામા વિશે તેઓને કોઈ હકીકતની ખબર નહિ હોવાનું તથા પોલીસે સહી કરવાનું કહેતા સહી કરી આપેલાનું જણાવતા હોય અને તે સિવાય પંચનામાની વિતગ

અંગે જણાવતાં ન હોય, તેઓ બન્ને પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી, વિસ્તૃત ઉલટ તપાસ કરેલ હોવા છતાં કોઈ ફળદાયી હકીકત રેકર્ડ પર આવવા પામેલ નથી. જયારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની હાજરીમાં કોઈ પંચનામુ પોલીસ ધ્વારા કરવામાં આવેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

૧૯) ત્યાર બાદ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા આંક–૨૯ થી ઈન્કવેસ્ટ પંચનામુ રજુ થવા પામેલ છે તેના પંચ સાહેદ મુકેશભાઈ સોમાભાઈ ભખોડીયાને આંક–૨૮ થી સોગંદ ઉપર તપાસેલા છે તેઓ તેમના પુરાવામાં એકાદ વર્ષ પહેલા પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતાં, પોલીસે તેઓને પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલ હોવાનું જણાવી, પોતાની સહી ઓળખી બતાવેલ છે તે સિવાય પંચનામાની કોઈ વિગતને સમર્થન આપેલ ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી, વિસ્તૃત ઉલટ તપાસ કરેલ હોવા છતાં કોઈ ફળદાયી હકીકત રેકર્ડ પર આવવા પામેલ નથી. જયારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની હાજરીમાં કોઈ પંચનામુ પોલીસ ધ્વારા કરવામાં આવેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

૨૦) ત્યાર બાદ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા આંક–૩૧ થી લાશ પરના કપડા કબ્જે કરેલાના પંચનામાના પંચ સાહેદો રાજેશભાઈ શામજીભાઈ રીબડીયા તથા જીજ્ઞેશ ધમાભાઈ રીબડીયાને અનુક્રમે ૩૦ તથા ૩૩ થી સોગંદ ઉપર તપાસેલા છે તેઓ પોત પોતાના પુરાવામાં મરણ જનાર જગદીશભાઈની લૌકીક વિધિમાં કુટુંબી થતા હોય તેઓ ગયેલા અને ત્યાં પોલીસે પંચનામામાં સહી કરાવેલી, પરંતુ પંચનામુ કંઈ બાબતનું હતું તેની તેઓને ખબર નહિ હોવાનું જણાવતાં, વિ.એ.પી.પી.શ્રીએ બન્ને પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી, વિસ્તૃત ઉલટ તપાસ કરેલ હોવા છતાં કોઈ ફળદાયી હકીકત રેકર્ડ પર આવવા પામેલ નથી. જયારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની હાજરીમાં કોઈ પંચનામુ પોલીસ ધ્વારા કરવામાં આવેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

૨૧) ત્યાર બાદ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા આંક–૩૫ થી હથિયાર કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ અશ્વિનભાઈ જગાભાઈ બાબરીયાને આંક–૩૪ થી તપાસેલા છે તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, મરણ જનારની ઉત્તરક્રિયા કરી ઘરે આવેલા ત્યારે પોલીસે તેમની પંચનામામાં સહી લીધેલ પરંતુ પંચનામુ શેનું હતું તે અંગે તેઓને કોઈ માહિતી ન હોવાનું જણાવી, આંક–૩૬ થી રજુ થયેલ સ્લીપમાં પણ પોતાની સહી ઓળખી બતાવેલ છે, પરંતુ પંચનામા વિશે કોઈ માહિતી આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી, વિસ્તૃત ઉલટ તપાસ કરેલ હોવા છતાં કોઈ ફળદાયી હકીકત રેકર્ડ પર આવવા પામેલ નથી. જયારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની હાજરીમાં કોઈ પંચનામુ પોલીસ ધ્વારા કરવામાં આવેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

૨૨) ત્યાર બાદ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા આંક–૩૮ થી અટક કર્યાના પંચનામુ તથા આંક–૩૯ થી આર્ટિકલ–ઈ સ્લીપ રજુ થવા પામેલ છે તેના પંચ સાહેદો ભરતભાઈ નારણભાઈ જોગવા તથા હર્ષદભાઈ ચનાભાઈ ઝાપડીયાનાઓને અનુક્રમે આંક–૩૭ તથા ૪૦ થી સોગંદ ઉપર તપાસેલા છે તેઓ બંને પોત પોતાના પુરાવામાં જણાવેલ છે કે, દોઢેક વર્ષ પહેલા પોલીસ વાળાએ તેઓને ઉભા રાખેલા અને પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલ તે સિવાય પંચનામાની કોઈ વિગતને બન્ને પંચ સાહેદોએ લેશમાત્ર સમર્થન આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ બન્ને પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી, વિસ્તૃત ઉલટ તપાસ કરેલ હોવા છતાં કોઈ ફળદાયી હકીકત રેકર્ડ પર આવવા પામેલ નથી. જયારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની હાજરીમાં કોઈ પંચનામુ પોલીસ ધ્વારા કરવામાં આવેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

૨૩) ત્યાર બાદ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા સાહેદ લલીતકાંત નરસિહભાઈ (એન. એન. વ્યાસ) ને આંક–૪૧ થી  સોગંદ ઉપર તપાસેલા છે તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, પોતાની ફરજ પર હાજર હતા ત્યારે તાઃ૩.૯.૨૦૧૬ ના રોજ કુવાડવા રોડ પો.સ્ટે. ના પી.આઈ. શ્રી એ.આર. મોડીયા તરફથી લેખીત યાદી મળેલી અને લેખીત યાદી કલાક ૭ઃ૧૫ વાગે મળેલી જેમા કુવાડવા રોડ પો.સ્ટે. ફસ્ટ ગુ.રજી.નં. ૧૫૬/૧૬ આઈ.પી.સી. ૩૦૨ વિ. ના કામે બનાવ સ્થળ નીરીક્ષણ બાબતે જણાવેલુ હોય, જે અનુસંધાને તે–જ દિવસે કલાક ૭ઃ૪૫ થી ૮ઃ૧૫ દરમ્યાન

બનાવ સ્થળની વીઝીટ કરેલી આ બનાવ સ્થળનુ મકાન નારણ બચુભાઈનુ ગણેશનગર નવાગામ ખાતે આવેલ હોવાનુ જણાવેલ જે મકાન શેરીમાં રો હાઉસ પ્રકારનુ હતુ, તે મકાનના પાછળના ભાગેથી ઉપરના માળે જવાની સીડી હતી. આ સીડી વાટે ઉપર જતા આગળ અગાસી જેવા ભાગમાં સીમેન્ટ પ્લાસ્ટર કરેલ ભોયતળીયુ હતુ, તેમા સીડી ચડતા આશરે ત્રણ ફુટ જેટલે દુર રુમના દરવાજા પાસે રતાશ પડતા ભુખરા રંગના પ્રવાહીના ડાઘ જોવા મળેલ, જેમાંથી પ્રાથમિક પરીક્ષણ કરતા રૂધીરની હાજરી માલુમ પડેલ હતી, આ બનાવ સ્થળ રહેણાક મકાનમા હતુ તેમજ અગાસીમા આવેલ રુમ પણ રહેણાંક રુમ તરીકે વપરાતો હતો આ બનાવ સ્થળેથી અગાસીમાંથી રતાશ પડતા ભુખરા રંગના પ્રવાહીમાંથી ઘસીને લીધેલ કોટન થ્રેડ તથા કંન્ટ્રોલ થ્રેડના નમુનાઓ કબ્જે લેવા માટે સુચન કરેલ જે તેઓની જુબાની દરમ્યાન આંક–૪ર થી રજુ કરી, લેખિત યાદી આંક–૪૧ થી રજુ કરેલ છે. જયારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આંક–૪૩ ના ડોકયુમેન્ટ પી.આઈ., કુવાડવા રોડ પોલીસ સ્ટેશન, રાજકોટ તરફથી અગાઉથી આપી દીધેલા અને કહેવાતા સ્થળ પર મકાનની પાછળના ભાગેથી સીડીમાં ઉપર જવાની વ્યવસ્થા હતી બીજે કયાંયથી જઈ શકાતું ન હોવાનું જણાવેલ છે.

૨૪) ત્યાર બાદ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા ડોકટરી સાહેદ જયંતભાઈ કાર્તિકચંદ્ર ભટ્ટાચાર્ય ને આંક–૪૬ થી સોગંદ ઉપર તપાસેલા છે તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, તાઃ૩.૯.૧૬ના રોજ તેઓ તેમની ઈમરજન્સી ફરજ ઉપર હાજર હતા ત્યારે સવારના ૭ઃ૨૬ વાગ્યે કુવાડવા રોડ પોલીસ સ્ટેશન તરફથી ઈન્કવેસ્ટ પંચનામા સાથે પી.એસ.આઈ. તેમની પાસે જગદીશભાઈ નારણભાઈ રીબડીયા નામના વ્યકિતની લાશ પી.એમ. કરવા માટે લાવેલા જે પી.એમ. કરવા અન્વયેની વિગતોમાં આ લાશની ઓળખાણ તેની માતા રસીલાબેને કરેલી છે. પી.એમ. સવારના ૮ઃ૦૦ કલાકે શરૂ કરેલ અને ૯ઃ૦૦ કલાકે પુરુ કરેલ, લાશની બાહય તપાસ કરતા હિન્દુ પુરુષની લાશ હતી, ઉ.વ.ર૫ હતી. જેને મરુણ કલરનું અન્ડરવેર, લાઈટ પીળા કલરનો શર્ટ, જેમાં કાળા કલરની ડિઝાઈન હતી અને સફેદ અને કાળા કલરની ચેકસવાળુ હાફ પેન્ટ પહેરેલ હતુ, આ કપડા ઉપર સુકાઈ ગયેલ લોહીના ડાઘા હતા. આ કપડા સહી કરી પોલીસવાળાને સોંપેલા, આ લાશ ઓળખાયેલી હતી, આ લાશનું શારીરિક બંધારણ મધ્યમ હતુ આખા શરીર ઉપર રાયગર મોર્ટીસ જોવા મળેલ શરીરના પાછળના ભાગે ડીપેન્ડન્ટ ભાગે પી.એમ. લીવીડીટી જોવા મળેલી. આ લાશની બન્ને આખો બંધ હતી, મોઢુ અર્ધખુલ્લુ હતુ અને જીભ મોઢાની અંદર હતી મોઢા

અને આખા શરીર ઉપર લોહી જોવા મળેલ તથા લાશ સુતેલ હાલતમાં હતી, બન્ને હાથ,કોણીના ભાગે વળેલ હતુ, શરીર આગળના ભાગે જકડાઈ ગયેલ હતુ નાક અને મોઢાની અંદર ઉલટી જેવુ જોવા મળેલ તથા બાહય જનનેન્દ્રીઓમાં કોઈ ઈજા જોવા મળેલ નથી, આખા શરીરમાં જોતા (૧) છાતીની ડાબી બાજુ ૪ × ૨ સેમી અને કેવીટી સ્ટેપ ઈજા જોવા મળેલ જે આડી ઈજા હતી. જેની મીડીઅલ એન્ટ મીડલાઈનથી ૦.૫ સેમી દુર હતુ અને લેટરએન્ટ ડાબી નિપ્પલથી ૫ સેમી દુર હતુ.જેનું બન્ને બાજુની માર્જીન અને ખુણો ધારદાર હતુ. આ ઈજામાં લેટરએન્ડ ઓછુ ધારદાર હતુ જયારે મીડીઅલ એન્ટ વધુ ધારદાર હતુ. આ ઈજા શરીરની અંદરની તરફ શરીરના અંદરના ચામડી, સ્નાયુ, કાપીને હદય સુધી નીચે જતી હતી (૨) ૭ સેમીની શરીરની ડાબીની બાજુએ ઈનસાઈઝડ ઈજા હતી. જે ત્રાસી ઈજા હતી. જેની મીડીઅલ એન્ટ (ખુણો) મીડલાઈનથી ૭ સેમી દુર હતી અને ડાબી નિપ્પલની ૨ સેમી ઉપરની બાજુએ હતી અને લેટરએન્ડ ખુણો ડાબી કલેવાઈકલ હાડકાથી ૮ સેમી નીચે હતો અને ૨ સેમી ડાબી બગલથી દુર હતી. આ ઈજા સુપરફિશ્યલ પ્રકારની ઈજા હતી (૩) છાતીની ડાબી બાજુ ૩ × ૧.૫ સેમી સાઈઝનું મસલડીપ સ્ટેબ ઈજા હતી. જે ઉભી ઈજા હતી. આ ઈજા છાતીની જમણી બાજુએ મીડકલેવીકુલર રીઝન (ભાગ) પર હતી.જેની ઉપરનો ખુણો નીચેના ખુણાથી વધારે ધારદાર હતો અને ઉપરનો ખુણો કલેવાઈકલ હાડકાથી ૫ સેમી નીચે હતો (૪) ડાબા ખુલા ઉપર ૩ × ૨ સેમી મસલડીપ સ્ટેબવુંડની ઈજા હતી. જેની બન્ને બાજુ ધારદાર હતી. જે ત્રાસી ઈજા હતી. જેનો ઉપરનો ખુણો નીચેના ખુણાથી થોડો ઓછો ધારદાર હોવાનું અને આ તમામ ઈજાઓ મરણ પહેલાની હતી, આ લાશની આંતરીક તપાસ કરતા મગજ ફિકકુ પડી ગયેલ હતુ અને છાતીની ડાબી બાજુ સ્ટેબ ઈજાના કારણે ચોથા નંબરની રીબ કપાઈ ગયેલી હતી તથા બન્ને ફેફસાઓ ફિકકા પડી ગયેલા હતા, હદયની જમણી બાજુની એટ્રીઅલ દિવાલ અંદર સુધી કપાઈ ગયેલ હતી જેની ઈજાની સાઈઝ ૩ × ૧.૫ સેમી હતી, હદય ખાલી હતુ, પેટની અંદરની તપાસ કરતા મોઢ ાની અંદરની ભાગે થોડુ ઉલટી જેવો ભાગ જણાયેલો જીભ, અન્નનળી ફિકકા પડી ગયેલ જણાયેલા હોજરી ખાલી હતી, હોજરીની અંદરના ભાગે કોઈ શંકાસ્પદ જણાયેલુ નહી યકૃત, અન્નાશય, બરોળ, મૃત્રપિંડો, ફિકકા પડી ગયેલ હતા, પેશાબની કોથળી ખાલી હતી. લાશની કોઈ વિશેરા લીધેલ નથી અને ૫ એમ.એલ. લોહીના નમુના તપાસ માટે લેવામાં આવેલા અને જેને શીલ કરી તપાસ માટે પોલીસને સોપવામાં આવેલ હોવાનું જણાવી, આ લાશનું પી.એમ. કરતાં તેમના અભિપ્રાય મુજબ મૃત્યુનું કારણ શરીરમાં સ્ટેબ ઈજા તથા વાઈટલ ઓર્ગન

હદયમાં ઈજા થવાના કારણે શોક અને હેમરેજ થતા હદય અને શ્વાસની પ્રક્રિયા બંધ થવાથી થયેલ છે અને ઉપરોકત ઈજાઓ તેમના અભિપ્રાય મુજબ કોઈ તિક્ષ્ણ ધારદાર હથીયારથી કરેલ હોવાનું જણાવી, પોતાના પુરાવા દરમ્યાન પી. એમ. નોટ આંક–૪૭ થી તથા બ્લડ સેમ્પલ લઈ પોલીસને સોંપેલ તે આંક–૪૮ તથા લાશનું પી.એમ. કરવા માટેની યાદી આંક–૪૯ તથા ગુજરનારનું બ્લડ સેમ્પલ લેવા માટે પોલીસ ધ્વારા જે યાદી કરેલ તે આંક–૫૦ થી રજુ કરી, પોલીસ ધ્વારા કરવામાં આવેલ યાદી આંક–૪૩ થી રજુ કરેલ છે.

જયારે સદરહું સાહેદની બચાવ પક્ષના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે અને તેમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને લાશ સોપવામાં આવેલ ત્યારે રાઈગર મોર્ટીસ જણાયેલુ. રાઈગર મોર્ટીસ ડેવલપ થતા ૪ કલાક થાય અને જે ૨૪ કલાક સુધી એકટીવ હોય છે.

***"..એ વાત ખરી છે કે તેઓને જે લાશ સોપવામાં આવેલ ત્યારે તેના મોઢામાંથી ઉલટીનો ભાગ મળી આવેલ. એવુ જરૂરી નથી કે કોઈ વ્યકિતએ આલ્કોહોલ લીધેલ હોય તો ઉલટી થઈ શકે આ કામે લાશ ધ્વારા આલ્કોહોલ લીધેલ તે અંગે કોઈ તપાસ કરેલ નથી. માત્ર લોહીના નમુના પોલીસને સોપેલ છે.."***

***"..એ વાત ખરી છે કે ઈન્કવેસ્ટ પંચનામાં સાથે લાશ સોપવામાં આવેલી. એ વાત ખરી છે કે પી.એમ. કર્યા બાદ પી.એ.મ રીપોર્ટમાં પી.એમ. કર્યાની તારીખે અને જયાં ઘુટેલ છે અને ત્યાં સહી કરવામાં આવેલ નથી.."***

***"..એ વાત ખરી છે કે પી.એમ.નોટ પેઈઝ નં.૨ પારા ૭માં ઓવર રાઈટીંગ કરેલ છે ત્યાં ટુકી સહી કરેલ નથી.."***

***"..એ વાત ખરી છે કે પી.એમ.નોટ પેઈઝ નં.૩ પારા ૧૩માં ઓવર રાઈટીંગ કરેલ છે ત્યાં ટુકી સહી કરેલ નથી.."***

***"..એ વાત ખરી છે કે પી.એમ.નોટ પેઈઝ નં.૧ પારા ૪માં સાલમાં ઓવર રાઈટીંગ કરેલ છે ત્યાં ટુકી સહી કરેલ નથી.."***

***"..એ વાત ખરી છે કે કોઈ વ્યકિત ધારદાર તિક્ષ્ણ વસ્તુ સાથે અથડાય અને પડી જાય તો કોઈ પણ એક ઈજા થઈ શકે.."***

*"..એ વાત ખરી છે કે કોઈ વ્યકિત દાદરો ચડતો હોય અને કોઈ અણીદાર વસ્તુ સાથે અથડાય અને તે ખૂંપી જાય તો આ પ્રકારની ઈજા થઈ શકે.."*

*"..એ વાત ખરી છે કે ઈજા નં.૩ મે અગાઉ જણાવ્યા અનુસાર દાદરો ચડતા કોઈ તિક્ષ્ણ વસ્તુ સાથે કોઈ વ્યકિત અથડાય તો ઈજા નં.૩ પૈકીની કોઈ પણ એક ઈજા થઈ શકે. એવી શકયતા ઓછી હોય કે કોઈ વ્યકિત દાદરા ઉપર પડી જાય અને તેને કોઈ ધારદાર વસ્તુ અથડાયતો ઈજા નં.૩ અન્વયેની તમામ ઈજાઓ થઈ શકે.."*

*"..એ વાત ખરી છે કે ઈજા નં.૪ વ્યકિત દાદરાનો ધારદાર ખૂણો હોય અને તેની સાથે અથડાય તો આ ઈજા નં.૪ પ્રકારની ઈજા થઈ શકે.."*

*"..એ વાત ખરી છે કે પોલીસે તેની યાદીમાં બનાવ અંગે સમયનું અનુમાન લખેલાનું જણાવેલ છે.."*

૨૫) ત્યાર બાદ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા સાહેદ ગાંડુભાઈ જેસીંગભાઈ બાહુકીયાને આંક–૫૧ થી સોગંદ ઉપર તપાસેલા છે કે જેઓ મરણ જનારના મામા થતા હોવાનું પોતાની જુબાનીમાં જણાવેલ છે પરંતુ બનાવ બાબતે તેઓને કોઈ જ્ઞાન નહિ હોવાનું જણાવતાં, વિ.એ. પી. પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી, વિસ્તૃત ઉલટ તપાસ કરેલ હોવા છતાં કોઈ ફળદાયી હકીકત રેકર્ડ પર આવવા પામેલ નથી. જયારે બચાવ પક્ષ ધ્વારા સદરહું સાહેદની ઉલટ તપાસ કરેલ છે અને તેમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વિશે તેઓને કોઈ જાત માહિતી નહિ હોવાનું અને પોલીસે તેમનું નામ સરનામુ પુછેલ તે સિવાય કહું પુછેલ નહિ હોવાનું જણાવેલ છે.

૨૬) ત્યાર બાદ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા સાહેદ પ્રવિણભાઈ ગાંડુભાઈ બાહુકીયાને આંક–૫૨ થી સોગંદ ઉપર તપાસેલા છે કે જેઓ મરણ જનારના મામા થતા હોવાનું પોતાની જુબાનીમાં જણાવેલ છે પરંતુ બનાવ બાબતે તેઓને કોઈ જ્ઞાન નહિ હોવાનું જણાવતાં, વિ.એ. પી. પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી, વિસ્તૃત ઉલટ તપાસ કરેલ હોવા છતાં કોઈ ફળદાયી હકીકત રેકર્ડ પર આવવા પામેલ નથી. જયારે બચાવ પક્ષ ધ્વારા સદરહું સાહેદની ઉલટ તપાસ કરેલ છે અને તેમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વિશે તેઓને કોઈ જાત માહિતી નહિ હોવાનું અને પોલીસે તેમનું નામ સરનામુ પુછેલ તે સિવાય કહું પુછેલ નહિ હોવાનું જણાવેલ છે.

૨૭) ત્યાર બાદ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા આંક–૫૩ થી સાહેદ કિશોરભાઈ મુળજીભાઈ ફતેપરાને તથા આંક–૫૪ થી સાહેદ રંજનબેન મુળજીભાઈ ફતેપરા કે જેઓ બન્ને ફરિયાદીના પાડોશી થાય છે તેઓ બન્ને પોત પોતાના પુરાવામાં બનાવ સબંધે કોઈ હકીકત જણાવતાં ન હોય, તેમજ રાત્રીના સમયે બનાવમાં શું બનેલ તે અંગે તેઓને કશી જાણકારી ન હોવાનું જણાવતાં, વિ.એ. પી. પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી, વિસ્તૃત ઉલટ તપાસ કરેલ હોવા છતાં કોઈ ફળદાયી હકીકત રેકર્ડ પર આવવા પામેલ નથી. જયારે બચાવ પક્ષ ધ્વારા સદરહું સાહેદની ઉલટ તપાસ કરેલ છે અને તેમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વિશે તેઓને કોઈ જાત માહિતી નહિ હોવાનું અને પોલીસે તેમનું નામ સરનામુ પુછેલ તે સિવાય કહું પુછેલ નહિ હોવાનું જણાવેલ છે.

૨૮) ત્યાર બાદ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા મરણ જનારના બહેન ગીતાબેન દિનેશભાઈ દેત્રોજાને આંક–૫૫ થી સોગંદ ઉપર તપાસેલા છે તેઓ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેણી હાલ વાંકાનેર રહેતા હોવાનું તથા જગદીશભાઈ તેમના મોટાભાઈ થતા હોવાનું અને તેઓ બિમાર હોવાની જાણ કરેલ અને સમાચાર મળતા ઘરે આવતાં જાણ થયેલી કે તેનું ખુન થયેલ છે પરંતુ કોણે ખુન કરલ તે જાણવા મળેલ નહિ હોવાનું જણાવતાં, વિ.એ. પી. પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી, વિસ્તૃત ઉલટ તપાસ કરેલ હોવા છતાં કોઈ ફળદાયી હકીકત રેકર્ડ પર આવવા પામેલ નથી. જયારે બચાવ પક્ષ ધ્વારા સદરહું સાહેદની ઉલટ તપાસ કરેલ છે અને તેમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમનું નામ સરનામુ પુછેલ તે સિવાય કહું પુછેલ નહિ હોવાનું જણાવેલ છે.

૨૯) ત્યાર બાદ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા આ કામે ફરિયાદ આપનાર મરણ જનારની માતા રસીલાબેન નારણભાઈ રીબડીયાને આંક–૫૬ થી સોગંદ ઉપર તપાસેલા છે તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, તેણીને બે દીકરા જગદીશ અને ભાવેશ હતા અને તેમાંથી અત્યારે એક ભાવેશ જીવતા છે તેમનો જગદીશ ગુજરી ગયેલ છે તેમનો દીકરો રાત્રીના ઘરે આવેલો ત્યારે તેને કાઈક વાગેલુ હતુ અને લોહી નીકળતુ હતુ અને ત્યારબાદ તે ગુજરી ગયો હતો આ તેમના દીકરાને દારૂ પીવાની ટેવ હતી આ બનાવને આશરે બે વર્ષ થયા હશે, તેમના દીકરાની લાશ

ધાબા ઉપર જોયેલી અને ત્યાર બાદ બધા ભેગા થયા હતા અને પોલીસને જાણ કરી હતી અને તે અંગે ફરીયાદ લખાવી હોવાનું જણાવી, આંક–૫૭ થી ફરિયાદ રજુ કરી, તેના પર કરેલ અંગુઠાનું નિશાન ઓળખી બતાવી, તેમના દીકરા જગદીશને કોણે મારેલ અને શુ મારેલ તેની ખબર નહિ હોવાનું તથા તેમના ઘરમાથી કોઈ હથીયાર મળેલ નહિ હોવાનું તથા આ તેમના દીકરાને કોણે મારી નાખ્યો તેની તેઓને ખબર નહિ હોવાનું જણાવતા હોય, ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, તેઓને વિ.એ.પી.પી.શ્રીએ વિમુખ થયેલા જાહેર કરી, વિસ્તૃત ઉલટ તપાસ કરેલ હોવા છતાં કોઈ ફળદાયી હકીકત રેકર્ડ પર આવવા પામેલ નથી.

જયારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ***"..એ વાત ખરી છે કે, તેમના ઘરની પાછળની બાજુ અગાશી પર જવા માટે બારોબાર સીડી રાખેલ છે.."***

***"..એ વાત ખરી છે કે, બનાવના દીવસે તેણી તથા તેમના દીકરા જગદીશની પત્નિ ડીમ્પલ ભોયતળીયે સુઈ ગયેલ હતા અને ભાવેશ પહેલા માળે તેના રૂમમા સુતો હતો.."***

***"..એ વાત ખરી છે કે, તેમનો દીકરો જગદીશ દારૂ પીવાની ટેવવાળો હોય મહોલ્લામા અવર નવર લોકો સાથે ઝઘડા મારા મારી કરતો હતો.."***

***"..એ વાત ખરી છે કે, બનાવના દીવસે ઘરની પાછળથી કોઈનો દાદર/સીડી ચડવાનો અવાજ આવતા તેઓ લોકો જાગી જતા ઉપર અગાશીમા ગયેલા ત્યારે ત્યા જગદીશ ઈજા પામેલ હાલતમા પડેલ હતો.."***

***"..એ વાત ખરી છે કે, ઈજા પામેલ જગદીશને જોતા પ્રથમ મંજલે સુઈ રહેલા તેમના પુત્ર ભાવેશને દરવાજો ખડકાવી ઉઠાડેલ.."***

***"..એ વાત ખરી છે કે, ત્યારબાદ લોકો ભેગા થઈ ગયેલા અને પોલીસ આવેલી અને બાપુજીને ફોન કરી ઘરે બોલાવેલા ત્યારે પણ દીકરો ભાવેશ તેમની સાથે જ હતો.."***

***"..એ વાત ખરી છે કે, દીકરા જગદીશને કોણે મારયો અને શુ માર્યુ તે પોલીસમાં લખાવેલ નથી.."***

***"..એ વાત ખરી છે કે, પોલીસને તેમના નામ–સરનામા જણાવેલ અને પોલીસના કહેવાથી માત્ર અંગુઠો કરી આપેલો.."***

*"..એ વાત ખરી છે કે, ફરીયાદમા પોલીસે શુ લખેલ તેની ખબર નથી કે વાંચી સંભળાવેલ નથી.."*

*"..એ વાત ખરી છે કે, તેણીને લખતા વાંચતા આવડતુ નથી.."*

*"..એ વાત ખરી છે કે, બનાવના બીજા દીવસે પોલીસ તેમના ઘરે આવેલી હોય અને કોઈ છરી જેવુ હથીયાર કબ્જે લીધેલ હોય તેવુ બનેલ નથી.."*

*"..એ વાત ખરી છે કે, તેમના ઘરેથી પોલીસે કોઈ હથીયાર કબ્જે કરેલ નથી અને પોલીસને તેણીએ બતાવેલ નથી કે પોલીસે બતાવેલ પણ નથી.."*

*"..એ વાત ખરી છે કે, તેમના દીકરા જગદીશની કોણે મારેલુ તેની મને ખબર નહિ હોવાનું જણાવેલ છે.."*

૩૦) ત્યાર બાદ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા સાહેદ ડિમ્પલબેન જગદીશભાઈ રીબડીયાને આંક–૫૮ થી સોગંદ ઉપર તપાસેલા છે કે જેઓ મરણ જનાર જગદીશના પત્નિ થાય છે તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, ગુજરનાર જગદીશભાઈ તેણીના પતિ થતા હતા, તેઓ ગુજરી ગયા તેને આશરે બે વર્ષ જેટલો સમય થયો હોવાનું અને તેણીના સાસુ તેમના મકાનમા નીચે સુતા હતા. તેમના ઘરના (પતિ) દારૂ પીતા હતા અને બહાર ઝઘડતા હતા, બનાવમાં રાત્રે ઘરમાં સુતા હતા ત્યારે અવાજ આવતા અગાશી ઉપર ગયેલા અને તેણીના સાસુ અને ઘરના તેઓ બધા અગાશી ઉપર ગયેલા તે સીવાય કાઈ જોયેલ નથી. તેમના પતિએ પોતાની સાથે ઝઘડો કરેલ હોય તેવુ બનેલ નથી. તેણીના પતિ બહાર ગયેલા હતા અને બહાર કોની સાથે ઝઘડો થયો કે કોણે માર્યુ તેની કશી ખબર નથી અને તેણીએ કશુ જોયલ નહિ હોવાનું જણાવતાં હોય, અને ફરિયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, તેઓને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી, વિસ્તૃત ઉલટ તપાસ કરેલ હોવા છતાં કોઈ ફળદાયી હકીકત રેકર્ડ પર આવવા પામેલ નથી.

જયારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, તેમના ઘરની પાછળની બાજુ અગાશી પર જવા માટે બારોબાર સીડી રાખેલ છે. *"..એ વાત ખરી છે કે, બનાવના દીવસે પોતે તથા તેમના સાસુ ભોયતળીયે સુઈ ગયેલ હતા અને તેમનો દીયર ભાવેશ પહેલા માળે તેના રૂમમા સુતો હતો.."*

*"..એ વાત ખરી છે કે, તેણીના પતિ જગદીશ દારૂ પીવાની ટેવવાળો હોય મહોલ્લામા અવર નવર લોકો સાથે ઝઘડા મારા મારી કરતો હતો.."*

*"..એ વાત ખરી છે કે, બનાવના દીવસે ઘરની પાછળથી કોઈનો દાદર/સીડી ચડવાનો અવાજ આવતા તેઓ લોકો જાગી જતા ઉપર અગાશીમા ગયેલા અને ત્યાં કાંઈ જોયેલ નથી.."*

*"..એ વાત ખરી છે કે, પ્રથમ મંજલે સુઈ રહેલા તેમના દીયર ભાવેશને દરવાજો ખડકાવી ઉઠાડેલ.."*

*"..એ વાત ખરી છે કે, ત્યારબાદ લોકો ભેગા થઈ ગયેલા અને પોલીસ આવેલી અને તેણીના સાસુએ તેમના પિતાને ફોન કરી ઘરે બોલાવેલા.."*

*"..એ વાત ખરી છે કે, તેણીના પતિ જગદીશને કોણે મારયા અને શુ માર્યુ તે પોલીસમા લખાવેલ નથી.."*

*"..એ વાત ખરી છે કે, પોલીસને નામ–સરનામુ જણાવેલ અને બીજુ કાઈ લખાવેલ નથી.."*

*"..એ વાત ખરી છે કે, નિવેદનમાં પોલીસે શુ લખેલ તેની ખબર નથી કે તેઓએ વાંચી સંભળાવેલ નથી.."*

*"..એ વાત ખરી છે કે, લખતા વાંચતા આવડતુ નથી.."*

*"..એ વાત ખરી છે કે, તેમના ઘરેથી પોલીસે કોઈ હથિયાર કબ્જે કરેલ નથી.."*

*"..એ વાત ખરી છે કે, તેણીના પતિ જગદીશને કોણે મારેલુ તેની ખબર નથી.."*

*"..એ વાત ખરી છેકે, પોતાને અને તેણીના પતિ વચ્ચે કયારેય કોઈ અણબનાવ ન હતો અને લડવા ઝઘડવાનુ હતુ નહી.."*

*"..એ વાત ખરી છેકે, બનાવના દીવસે તેમના પતિ સાથે તેણીને કોઈ ઝઘડો થયેલ ન હોવાનું જણાવેલ છે.."*

૩૧) ત્યાર બાદ ફરિયાદ પક્ષ ધ્વારા બનાવ સ્થળનો નકશો તૈયાર કરનાર સાહેદ વલ્લભભાઈ મોહનભાઈ સરવૈયાને આંક–૫૯ થી સોગંદ ઉપર તપાસેલા છે તેઓ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તાઃ૦૭.૦૯.૨૦૧૬ નાંરોજ તેઓ સર્કલ ઈન્સપેકટર, રાજકોટ તાલુકા પંચાયતમા ફરજ બજાવતા હતા અને ફરજ દરમ્યાન કુવાડવા રોડ પો.સ્ટે.ના પો.ઈન્સ.ની તા.૫/૯/૧૬ ની લેખીત

યાદી અને સ્થાનીક જગ્યાના પંચનામાની નકલ સાથે બનાવ વાળી જગ્યાનો નકશો બનાવવાની યાદી મળતા તેઓ તાઃ૩૦.૦૯.૨૦૧૬ નાંરોજ બનાવવાળી જગ્યાએ નકશો બનાવવા ગયેલ હોવાનું તથા બનાવવાળી જગ્યા આણંદપર ગામે નવાગામ રોડથી જમણી તરફ જમના પાર્કમાં મકાન આવેલ હતુ સદર જગ્યાની ચર્તુથ સીમા નોંધી બનાવવાળી જગ્યાનો નકશો બનાવેલ અને સદર જગ્યામા બનાવવાળી જગ્યા આવેલી તે જગ્યા ઉપર માર્કીગ કરેલાનું જણાવી, બનાવવાળી જગ્યાનો નકશો કરવા અંગે કુવાડવા રોડ પો.સ્ટે.ના પો.ઈન્સ.ની યાદી આંક–૬૦ થી રજુ કરી, બનાવવાળી જગ્યાનો બનાવેલ નકશો આંક–૬૧ થી રજુ કરી, નકશો તૈયાર થઈ ગયા બાદ પો.ઈન્સ. કુવાડવા રોડ, રાજકોટના ઓને ઉદેશીને લખેલ ફોરવર્ડીગ લેટર આંક–૬૨ થી પોતાની જુબાનીમાં રજુ કરેલ છે.

જયારે બચાવ પક્ષ ધ્વારા સદરહું સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે અને તેમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાનો નકશો કરવા અંગેની યાદી તાઃ૦૭.૦૯.૧૬ નાંરોજ મળેલી.

*"..એ વાત ખરી છે કે, આ કામે નકશો તાઃ૩૦.૦૯.૧૬ ના રોજ બનાવેલો છે.."*

*"..એ વાત ખરી છે કે, આ નકશો સ્થાનીક જગ્યાના પંચનામાના આધારે તૈયાર કરેલ છે.."*

*"..એ વાત ખરી છે કે, બનાવવાળા મકાનની છત ઉપરથી બીજા મકાનની છત ઉપર જઈ શકાય તેવા લગોલગ મકાનો આવેલા છે.."*

*"..એ વાત ખરી છે કે, બનાવવાળા મકાનની છત ઉપર જઈ જે જગ્યા બતાવેલી તે જગ્યાનુ નીરીક્ષણ કરેલ તે સીવાય બીજી કોઈ જગ્યાએ ગયેલ નથી.."*

*"..એ વાત ખરી છે કે, બનાવેલ નકશો કયા સમયે તૈયાર કરેલો તે સમય તેમા જણાવેલ નથી, પોલીસ ધ્વારા આવી યાદી મળે તે દીવસે સ્થળ તપાસ કરવા જતા હોઈએ તેની નોંધ તાલુકા પંચાયતમા તેઓને કરવાની રહેતી નથી.."*

*"..એ વાત ખરી છે કે, નકશો તૈયાર કરવા જતી વખતે તેના તારીખ અને સમયની જાણ પોલીસને પણ કરતા નથી.."*

*"..એ વાત ખરી છે કે, નકશો કરવા માટેની પોલીસ યાદી સાથે તેઓને સ્થળનુ પંચનામુ પણ સાથે આપવામા આવતુ હોવાનું જણાવેલ છે.."*

૩૨) ત્યાર બાદ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા પોલીસ સાહેદ પ્રકાશભાઈ ગાંડુભાઈ વાંકને આંક–૬૩ થી સોગંદ ઉપર તપાસેલા છે તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, તાઃ૩.૯.૧૬ ના કલાક ૦/૦૦ થી ૮/૦૦ સુધીનુ તેમની નોકરી કુવાડવા રોડ પો.સ્ટે.મા પીએસઓ તરીકેની હતી અને દરમ્યાન રાત્રીના ૫/૦૦ વાગ્યે મોબાઈલ નં.૯૩૭૪૧ ૨૦૧૪૨ પરથી ગાંડુભાઈ જેશીંગ બાહુકીયા બોલતા હોવાનું જણાવી તેઓએ હકીકત જણાવેલ કે, નવાગામ પટેલ વીહાર પાછળ, ગણેશનગર કવાર્ટરમાં તેનો ભાણેજ તેના ઘરે નામે જગદીશભાઈ નારણભાઈ રીબડીયા જાતે કોળી ઉ.વ. આ. ૨૫ વાળો લોહીલુહાણ હાલતમા મરણ ગયેલ હાલતમાં પડેલ છે તેમ જણાવતા કુવાડવા રોડ પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નં.૩/૧૬ ક.૫/૦૦ તા.૩/૯/૧૬ થી નોંધ કરી આગળની તપાસ પીએસઆઈશ્રી એ.વી.રાયજાદા સાહેબને ડેપ્યુટ હુકમ સાથે સોંપેલાનું જણાવી, ડેપ્યુટ હુકમ આંક–૬૪ થી રજુ કરી, આ કામે મને ગુનો દાખલ કરવા માટેનો ફરીયાદનો ફોરવર્ડીગ લેટર કે જે તેઓને સંબોધીને લખાયેલ છે તે આંક–૬૫ થી રજુ કરી, એફ.આઈ.આર.ની નકલ આંક–૬૬ થી રજુ કરી, ભારે ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ કરેલ છે જે આંક–૬૭ થી પોતાની જુબાની દરમ્યાન રજુ કરેલ છે. જયારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, આ ગુનાની સ્ટેશન ડાયરીની એન્ટ્રી વખતે મળેલ માહીતીમાં કઈ રીતે અને કોના ધ્વારા ગુજરનારને મારી નાખવામા આવેલ છે તેવી કોઈ વિગત જણાવેલ ન હતી. એ વાત ખરી છે કે, સ્ટેશન ડાયરીમા એન્ટ્રી વહેલી સવારે પાંચ વાગ્યે કરવામા આવેલ છે અને એ વાતની તેઓને ખબર નથી કે, તપાસ સોંપ્યાનો ડેપ્યુટ હુકમ વહેલી સવારે ૫/૦૫ વાગ્યે જે તે ત.ક.અમલદારનાઓએ સ્વીકારેલ છે. એ વાત ખરી છે કે, આંક–૬૫ મા જે મોબાઈલ નંબર લખેલા છે ત્યા અક્ષર ઘુંટાયેલા છે ત્યા કોઈની ટુંકી સહી કરેલી નથી. એ વાત ખરી છે કે, હાલના કામે ફરીયાદીએ તેમની રૂબરૂ કોઈ ફરીયાદ કરેલ નથી અને તેમના તરફ લેખીત ફરીયાદ ફોરવર્ડીગ લેટર સાથે આવતા ૧૫૪ ના ફોર્મમા તેનો ઉતારો કરેલ હોવાનું જણાવેલ છે.

૩૩) ત્યાર બાદ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા પોલીસ સાહેદ અનોપસિંહ વરસુભા રાયજાદાને આંક–૬૮ થી સોગંદ ઉપર તપાસેલા છે તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, તેઓ અગાઉ કુવાડવા રોડ પો.સ્ટે રાજકોટ શહેર ખાતે પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા અને તે દરમ્યાન તાઃ૦૨.૦૯.૨૦૧૬ ના કલાક ૨૦/૦૦ થી તાઃ૦૩.૦૯.૨૦૧૬ ના કલાક ૮/૦૦

સુધી ઈન્વે. નાઈટમાં ફરજ પર હતા અને નાઈટ રાઉન્ડમાંથી કલાક ૫/૦૦ વાગ્યે પોલીસ સ્ટેશને પરત આવતા પી.એસ.ઓ. પી.જી.વાંક તરફથી સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૩/૧૬, કલાક ૫/૦૦ નો ડેપ્યુટ હુકમ મળતા, જે આધારે તેઓ મરણજનાર જગદીશભાઈ નારણભાઈના રહેણાંક મકાને આવેલા અને જોયુ તો જગદીશભાઈ નારણભાઈ મરણ ગયેલ હોય તેથી બે પંચો બોલાવી લઈ ગુજરનારનુ વિગતવાર ઈન્કવેસ્ટ પંચનામુ કરવામા આવેલ તેમજ લાશનું પી.એમ. કરવા માટે લાશ મોકલેલ ત્યારે તેની સાથે એક મરણોત્તર ફોર્મ વિગત ભરીને મોકલેલ જેની સ્થળપ્રત આંક–૬૯ થી રજુ કરી, લાશ સોંપેલ તેની પહોંચ આંક–૭૦ થી રજુ કરેલ હોવાનું જણાવેલ છે. સદરહું સાહેદની ઉલટ તપાસ બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આંક–૨૯ ઈન્કવેસ્ટ પંચનામા વખતે કોઈ મામલતદારશ્રી (એકજી. મેજી.) હાજર ન હતા. એ વાત ખરી છે કે, તેઓએ આ સમયે એકઝી.મેજી.શ્રીને હાજર રહેવા માટે કોઈ જાણ કરેલ નહી. એ વાત ખરી છે કે, આંક–૪૯ મા ડોકટરશ્રી એ જે શેરો કરેલ છે તેના સમયમા ચેકચાક જણાઈ આવે છે. એ વાત ખરી છે કે, આંક–૬૯ તથા આંક–૭૦ માં કોઈ સમય લખવામા આવેલ નથી. એ વાત ખરી છે કે,આ ગુનાની ફરીયાદ જયારે લેવામાં આવેલી ત્યારે તેઓ ત્યા હાજર ન હોવાનું જણાવેલ છે.

૩૪) ત્યાર બાદ આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા તપાસ કરનાર અમલદાર અશ્વિનકુમાર રૂપાજી મોડીયાને આંક–૭૧ થી સોગંદ ઉપર તપાસેલા છે તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, તા.૩.૯.૧૬ ના રોજ તેમની નોકરી પોલીસ ઈન્સ્પેકટર તરીકે કુવાડવા રોડ પોલીસ સ્ટેશન રાજકોટ ખાતે હતી તે દરમ્યાન રસીલાબેન વા.ઓ. નારણભાઈ બચુભાઈ રીબડીયા રહે. પટેલ વિહાર હોટલની પાછળ, ગણેશનગર સોસા. નવાગામવાળાની તેઓએ તેમના રૂબરૂ લીધેલ ફરીયાદ લીધેલ અને ત્યાર બાદ આ કામે તપાસનો ડેપ્યુટ હુકમ થતાં, સ્થાનિક જગ્યાનું પંચનામુ કરેલ, મરણજનારના કપડા કબ્જે કર્યા અંગેનુ પંચનામુ તથા હથિયાર છરી કબ્જે કર્યા અંગેનુ પંચનામુ તથા આરોપી ભાવેશ નારણભાઈને અટક કર્યાનુ પંચનામુ તથા આરોપી ભાવેશ નારણભાઈના લોહીના નમુના લીધેલા તેનુ પંચનામુ તેમજ આરોપીનુ બ્લડ સેમ્પલ લેવા માટે મેડિકલ ઓફીસર સિવિલ હોસ્પીટલને કરવામા આવેલ યાદી કરેલ જે આંક–૭૨ થી રજુ કરી, મેડીકલ ઓફીસર ધ્વારા બ્લડ સેમ્પલ લીધા અંગેની રીસીપ્ટ આંક–૭૩ થી રજુ કરી, તેમજ મોબાઈલ નંબરના સીડીઆર મેળવવા માટે પોલીસ કમીશ્નર સાહેબની મંજુરી માટે લખવામા

આવેલ પત્ર આંક–૭૪ થી રજુ કરી, મુદામાલ પૃથકરણ માટે મોકલેલ યાદી આંક–૭૫ તથા મુદામાલ એફ. એસ. એલ.ને મળી ગયાની રસીદ આંક–૭૬ થી રજુ કરી, ડોકટરશ્રીને પી.એમ. કરવા માટે યાદી કરવામા આવેલ, તપાસના કામે પીએમની નકલ, જરૂરી મેડીકલ એવીડન્સ તેમજ બનાવવાળી જગ્યાનો નકશો તથા લાગતા વળગતા તમામ સાહેદોના નિવેદનો લઈ પુરતો પુરાવો એકત્રીત કરી, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે. સદર તપાસ કરનાર અમલદારની ઉલટ તપાસ બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, મરણ જનાર જગદીશ દારૂ પી ને લતામાં તોફાન કરતા હોય, તેના વિરૂધ્ધ દારૂના કેસો હોય તેની કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે, મકાનના પાછળના ભાગે અગાશી ઉપર જવા માટે સીડી આવેલ છે કે કેમ ? તે બાબતે કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે, અગાશી ઉપર લાઈટ હોવા બાબતે કોઈ ઉલ્લેખ તેમની તપાસના કાગળોમા નથી. એ વાત ખરી છે કે, જગદીશ તેની પત્નિ ડીમ્પલબેન સાથે દારૂ પી મારકુટ કરતો અને ડીમ્પલબેન કેટલી વખત તે માટે રીસામણે ગયા હતા તેવી કોઈ તપાસ કરેલી નથી. એ વાત ખરી છે કે, તેમની તપાસમા કોલ ડિટેઈલ મેળવવામા આવેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદી અભણ હતા.

૩૫) આમ, ઉપરોકત ફરિયાદ પક્ષ ધ્વારા રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરી તે મુજબ આ કામે થવા પામેલ તમામ પંચનામાના પંચ સાહેદો ધ્વારા પોત પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં માત્રને માત્ર પોત પોતાની સહી ઓળખાવ્યા સિવાય અન્ય કોઈ વિગત સબંધે સમર્થન આપેલ ન હોય, તેઓ તમામ પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી, તમામ પંચ સાહેદોની વિસ્તૃત ઉલટ તપાસ કરવા છતાં કોઈ ફળદાયી હકીકત રેકર્ડ પર આવવા પામેલ નથી. એટલું જ નહિ પરંતુ આ કામે મરણ જનાર જગદીશભાઈના માતુશ્રી કે જેઓ નજરે જોનાર સાહેદ છે અને તેના ધ્વારા આ કામે ફરિયાદ આપેલ છે તેઓ પણ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી એટલું જ નહિ પરંતુ જગદીશને છાતીમાં વાગી ગયેલ પરંતુ હાલના આરોપી ભાવેશ ધ્વારા જ મારવા આવેલ હોવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે તેમજ મરણ જનારની પત્નિ ડિમ્પલબેને પણ નજરે જોનાર સાહેદ હોવા છતાં પોતાના સોગંદ ઉપરના પુરાવામાં ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી તેમજ અન્ય નજીકના સગા ધ્વારા પણ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, મરનાર જગદીશભાઈને છરી વતી આરોપી

ભાવેશ ધ્વારા ઈજા કરી મોતને ઘાટ ઉતારેલ હોય તેવી હકીકત પુરવાર કરવા માટે આ કામે તપાસેલા તમામ સાહેદો જેવા કે મરણ જનારના માતુશ્રી, પત્નિ તથા નજીકના સગાનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદકર્તા નથી. જયારે ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ સાહેદ નટવરલાલ કરશનભાઈ બોરીસાગર આંક–૪૪ ના પુરાવાથી બનાવ વખતે પોલીસ કમિશ્નરશ્રીનું હથિયાર બંધીનું જાહેરનામું અમલમાં હોવાનું ફલિત થાય છે, પરંતુ સદર જાહેરનામાનો ભંગ કરી આરોપીએ છરી ધારણ કરેલ હોય કે તેનો ઉપયોગ મરનારનું ખુન કરવા માટે કરેલ હોય તેવી હકીકત ઉપરોકત ફરીયાદપક્ષના મહત્વના સાહેદોના પુરાવાથી નિઃશંકપણે પુરવાર થતી નથી, અને આ સાહેદને પણ બનાવ સબંધે કોઈ અંગત જાત માહિતી ન હોય, ત્યારે આરોપીને ગુના સાથે સાંકળવા માટે આ સાહેદનો પુરાવો પુરતો નથી.

૩૬) ફરીયાદપક્ષ તરફથી મરનારની લાશનું પી.એમ.કરનાર મેડીકલ ઓફિસરના પુરાવા અંગે અગાઉ ચર્ચા કર્યા મુજબ વિગતવારનું પી.એમ. કરેલ હોવાનું જણાવેલ છે અને પી.એમ. દરમ્યાન જોવા મળેલ ઈજાના નીશાન તથા માપસાઈઝ વિગતવાર પી.એમ.નોટમાં જણાવેલ અને તેઓના મંતવ્ય મુજબ મરનારને થયેલ ઈજાઓ મૃત્યુ પહેલાની હોવાનું અને તેઓના અભિપ્રાય મુજબ મરનારનું મૃત્યુ તીક્ષ્ણ હથિયાર વડે છાતીના ભાગે ઈજા થવાને કારણે લોહી વહી જવાથી થયેલાનું અને કુદરતના સામાન્ય ક્રમમાં તેઓએ પી.એમ.નોટના કોલમ નં.૧૭ માં જણાવેલ ઈજા મરનારનું મૃત્યુ નિપજાવવા માટે પુરતી હોવાનું જણાવેલ છે. આ સાહેદની બચાવપક્ષ તરફથી વિગતે ઉલટ તપાસ કરવામાં આવેલ છે, પરંતુ આ ઉલટ તપાસ થી મરનારનું મૃત્યુ તેમને થયેલ ઈજાઓને કારણે નહી પરંતુ અન્ય કારણથી થયેલ હોય તેવી કોઈ હકીકત ફલિત થતી નથી. આમ આ સાહેદનો સમગ્ર પુરાવો લક્ષમાં લેતા મરનારના શરીર ઉપર ઈજાઓ જોવામાં આવેલ અને તે ઈજાઓ મૃત્યુ પહેલાની હોવાનું અને કુદરતના સામાન્ય ક્રમમાં મરનારનું મૃત્યુ નિપજાવવા માટે પુરતી હોવાનું ફલિત થાય છે, પરંતુ સદર ઈજાઓ હાલના જ આરોપીએ કહેવાતી મુદ્દામાલ છરીથી કરેલી કે કેમ તે બાબતે આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદકર્તા નથી. તેમજ આ કામે મરજ જનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ, સ્થાનિક જગ્યાનું પંચનામુ, અટક પંચનામુ, હથિયાર કબ્જે કર્યાનું પંચનામુ વિગેરે આ કામે પંચનામા રજુ થવા પામેલ છે અને અગાઉ ચર્ચા કર્યા મુજબ ઉપરોકત પંચનામા પૈકી કોઈ પંચનામાના પંચ સાહેદોએ કોઈ પંચનામાની વિગતને સમર્થન આપેલ નથી અને ઉલટુ આ તમામ પંચ સાહેદોના પુરાવા

મુજબ પોલીસે તેઓને તૈયાર લખાણમાં સહીઓ કરવાનું કહેતા તેઓએ સહીઓ કરેલાનું જણાવેલ છે. તે સંજોગોમાં આ તમામ પંચ સાહેદોએ જે તે પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય, ફરીયાદપક્ષે આ તમામ પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ હોવા છતાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી હકીકતો જણાવેલ નથી અને તે રીતે ગુનાની તપાસ કરનાર અમલદારે તેમના પુરાવામાં તેઓએ તપાસની કાર્યવાહી દરમ્યાન કહેવાતા મુદ્દામાલ પંચો રુબરુ પંચનામાની હકીકતે કબજે કરેલ હોવાની કે પંચો રુબરુ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ હોવાની કે મરનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરેલ હોવાની કે મરનારની લાશનું પી.એમ.થયા બાદ લાશ પરના કપડા પંચો રુબરુ કબજે કરેલ હોવાની કે બનાવ સ્થળેથી કહેવાતો મુદ્દામાલ તથા લોહી વાળી માટી અને કંન્ટ્રોલ સેમ્પલ કબજે કરેલ હોવાની કે આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કરેલ હોવાની હકીકતને આવા સ્વતંત્ર પંચ સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ નથી અને તે રીતે આ પંચ સાહેદોનો પુરાવો તપાસ કરનાર અમલદારના પુરાવાથી વિરોધાભાસી હોય, તે સંજોગોમાં ફરીયાદપક્ષ બનાવવાળી જગ્યાનું, આરોપીને અટક કર્યાનું, આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું, મુદ્દામાલ હથિયારની ડીસ્કવરી કર્યાનું, લાશનું ઈન્કવેસ્ટ ભર્યાનું તથા મરનારની લાશનું પી.એમ. થયા બાદ લાશ પરના કપડા કબજે કર્યાના પંચનામા નિઃશંકપણે પુરવાર કરેલ નથી. આ તમામ પંચ સાહેદોના પુરાવા મુજબ તેઓએ માત્ર પોલીસના કહેવાથી તૈયાર લખાણમાં સહીઓ કરેલ અને તે સિવાય પંચનામા વિશે કાંઈ જાણતા નહી હોવાનું જણાવેલ છે, તે સંજોગોમાં આ તમામ સાહેદોનો પુરાવો પણ ફરીયાદપક્ષને મદદકર્તા નથી અને તેથી તેઓના પુરાવાની વિસ્તૃત ચર્ચા કરવી ઉચિત માનતો નથી.

૩૭) આ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબ પોલીસ સાહેદો ધ્વારા હાલના ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન સાંપડેલ છે, પરંતુ અગાઉ વિસ્તૃત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષના મહત્વના તથા નજરે જોનાર સાહેદોએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને હિત ધરાવતા તથા મરનારના નજીકના સગા સાહેદોએ પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. તેવી જ રીતે ફરીયાદપક્ષના તરફથી તપાસવામાં આવેલ તમામ પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી અને ફરી ગયેલા જાહેર થયા છે, ત્યારે પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી અને આ તપાસનીશ

અમલદારોના પુરાવા જોતા તેઓને બનાવ સબંધે કોઈ અંગત જ્ઞાન ન હોય પરંતુ તેઓએ માત્ર ફરજની રુએ કાર્યવાહી કરેલ હોય, અને તેઓના પુરાવાને ફરીયાદી કે અન્ય સાહેદોના પુરાવાથી કે સ્વતંત્ર અને તટસ્થ સાહેદોના પુરાવાથી લેશમાત્ર સમર્થન મળતુ નથી, તે સંજોગોમાં માત્ર પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી આરોપીને ગુના સાથે સાંકળવા સલામતી ભર્યુ નથી. જો કે તેઓ માત્ર પોલીસ અધિકારી હોવા માત્રથી તેઓનો પુરાવો માનવો જોઈએ નહી તેવુ કાયદાનું કોઈ ધોરણ નથી પરંતુ હાલના કેસમાં મે ઉપરોકત વિસ્તૃત ચર્ચા કર્યા મુજબ આ કામે બનાવ નજરે જોનાર સાહેદો મરનારના પત્નિ, મરનારના માતુશ્રી તથા બનાવ સ્થળની આજુ બાજુના રહિશોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી અને હોસ્ટાઈલ (ફરી ગયેલા સાહેદ) જાહેર થયેલ છે. તેવી જ રીતે મરનારના નજીકના સગાઓ કે જેઓનો પુરાવો હિયર્સે એવીડન્સ હોય, તેઓએ પણ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને ફરી ગયેલા જાહેર થયા છે, ત્યારે હાલના આરોપીને ગુના સાથે સાંકળતો હોય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી, ત્યારે એકમાત્ર તપાસનીશ અમલદારના પુરાવા ઉપર આધાર રાખી આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

૩૮) આમ સમગ્ર પુરાવો જોતા હાલના આરોપી બનાવમાં સીધી કે આડકતરી રીતે સંડોવાયેલ હોય તેવુ માનવા માટે લેશમાત્ર પુરાવો ઉપલબ્ધ નથી, ત્યારે બનાવ વખતે પોલીસ કમિશ્નરશ્રીનું હથિયાર બંધીનું જાહેરનામું અમલમાં હોવાનું ફરીયાદપક્ષ તરફથી તપાસવામાં આવેલ પોલીસ સાહેદના પુરાવાથી જણાઈ આવતુ હોવા છતાં આરોપીએ તેનો ભંગ કરી છરી ધારણ કરી તેનો ઉપયોગ મરનારને મહાવ્યથા પહોંચાડી મોતને ઘાટ ઉતારવામાં કરેલ હોય તેવુ માની શકાય તેમ નથી. વધુમાં આરોપીને ગુના સાથે સાંકળતો અન્ય પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર નથી અને કહેવાતા પંચનામાની વિગતે સદર મુદ્દામાલ છરી કબજે કરવામાં આવેલ છે તે પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી, ત્યારે તે છરીનો ઉપયોગ ગુનાને કામે થયેલ હોય કે તે મુદ્દામાલ હથિયાર આરોપીએ ધારણ કરેલ હોય તેવુ પણ પુરવાર થતુ નથી, તે સંજોગોમાં આરોપીએ સદર હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોવાનું પણ રેકર્ડ ઉપરના પુરાવાથી માની શકાય તેમ નથી.

૩૯) આમ ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ ઉપરોકત તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાનું એવીડન્સ એકટની જોગવાઈ મુજબ મૂલ્યાંકન કરતા આરોપી વિરૂધ્ધ સીધો કે આડકતરો લેશમાત્ર પુરાવો નથી અને અગાઉ ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષના મહત્વના તમામ સાહેદો ફરી ગયેલા જાહેર થયા છે અને ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી, તે સંજોગોમાં મરનાર દારૂ પીને ઘરે આવેલ અને તેમના પત્નિ સાહેદ ડિમ્પલબેન સાથે ઝઘડો કરેલ હોય, અને આરોપી ભાવેશ કે જેઓ મરણ જનારના ભાઈ થતા હોય તેઓએ તે બાબતે મરનાર સાથે તકરાર અને ઝઘડો કરી, ફરિયાદી તથા સાહેદણ ડિમ્પલબેનની હાજરીમાં છરી વડે મરનારને છાતીના ભાગે ધા મારી મોતને ધાટ ઉતારી દીધેલ હોય તેવુ ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી જેથી માની શકાય તેમ નથી. આમ રેકર્ડ ઉપર રજુ થયેલ તમામ પુરાવો એકી સાથે રાખી તેનું એવીડન્સ એકટની જોગવાઈ મુજબ વિશ્લેષણ અને મૂલ્યાંકન કરતા તથા નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં લેતા ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય, ઉપરોકત ઉપસ્થિત મુદ્દા નં.૧ અને ૨ નો નિર્ણય નકારમાં ઠરાવુ છું.

**મુદ્દા નં.૩ :–**

૪૦) ઉપરોકત તમામ ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનું તહોમત શંકા થી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, જેથી આરોપીને તેઓની વિરૂધ્ધના ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયના હિતમાં જણાતુ હોય, મુદ્દા નં.૩ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–// હુ ક મ //–**

(૧) આ કામના આરોપી ભાવેશભાઈ નારણભાઈ રીબડીયાને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૩૫(૧) અન્વયે તેમની વિરૂધ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ અગાઉ આપેલ જામીન તથા મુચરકા રદ કરવામાં આવે છે અને વધુમાં આરોપીએ ક્રી. પ્રો. કો. ક. ૪૩૭–એ મુજબ રૂા.૧૦,૦૦૦/– ની રકમના જામીન તથા તેટલી જ રકમના મુચરકા આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ ગુનાને કામે તપાસ દરમ્યાન કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય પુરો થયા બાદ કાયદા મુજબ નાશ કરવો.

આ હુકમમાં આજરોજ તાઃ૦૪, માહે જાન્યુઆરી, સને–૨૦૧૯ નાંરોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.
તાઃ૦૪.૦૧.૨૦૧૯

(તેજસ સુરેશકુમાર બ્રહ્મભટ્ટ)
૦૭ માં એડિશનલ સેશન્સ જજ,
રા જ કો ટ.
(UIC No.GJ 00609)